KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DSI Department of Science & Technology Government of Gujarat

Gujarat Council on Science and Technology, Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org


અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date: 4th June, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,

..........................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

ગ્રહણ પહેલા ગ્રહણ વિષે વૈજ્ઞાનિક અભિગમની સચોટ માહિતી online webinar : Facebook Live : KRCSC Bhavnagar

## કાલે સાંજે છાયા ચંદ્રગ્રહણ આપના ફોનમાં Facebook Live : KRCSC Bhavnagar

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

'Month of Eclipse' તરીકે ઓળખાતા જૂન -૨૦૨૦ માસમાં જોવા મળનાર ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ વિષે તેની સાથે સંકળાયેલ ધાર્મિક તથ્યો તથા વૈજ્ઞાનિક અભિગમની સચોટ માહિતી વિશેનું માર્ગદર્શન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, કોઓર્ડીનેટર શ્રી હર્ષદભાઇ જોષી ભાવનગર દ્વારા ઓનલાઇન વેબિનાર દ્વારા આપવામાં આવશે.

| તારીખ | સમય | માધ્યમ |
|---|---|---|
| ૦૫-૦૬-૨૦૨૦ | સાંજે ૮:૨૦ કલાક થી ૯:૩૦ કલાક સુધી | Facebook Live : KRCSC Bhavnagar |

જૂન -૨૦૨૦ માસમાં પ્રથમ જોવા મળનાર ખંડગ્રાસ (છાયા) ચંદ્રગ્રહણ તા. ૫ જૂન, ૨૦૨૦ ની રાત્રે ૧૧:૧૫ થી ૦૬ જૂન, ૨૦૨૦ ની વહેલી સવાર ૨:૩૪ સુધી અદભૂત લ્હાવો નરી આંખે નિહાળી શકશો. જેની ટાઇમ લાઇન નીચે મુજબની રહેશે.

| 11:15 PM Fri, 5 Jun થી આપના ફોનમાં લાઇવ : Facebook Live : KRCSC Bhavnagar | |
|---|---|
| 11:15 PM Fri. 5 Jun | ગ્રહણની શરૂઆત |
| 12:54 AM Sat, 6 Jun | ગ્રહણનો મધ્ય ભાગ |
| 02:34 AM Sat, 6 Jun | ગ્રહણ મોક્ષ (પૂર્ણ) |

(નોંધ : ખગોળીય ઘટનાઓને નિહાળવા માટે વાતાવરણ મહત્વનો ભાગ ભજવે છે. જેથી નિહાળવાની બાબત સંપૂર્ણ પણે વાતાવરણ આધીન છે.)

5-6-2020
6:25

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.